**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કૃપાલી મહીચ્છા**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 03-07-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---------------------------------------------------

## ઇલેક્ટ્રોનિક્સ AI

ઇલેક્ટ્રૉનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવ, આજે નવી દિલ્હીમાં ગ્લૉબલ ઇન્ડિયા AI સમિટનું ઉદ્ઘાટન કરશે. આ બે દિવસીય સંમેલનનો હેતુ AI ટેક્નૉલોજીના નૈતિક અને સમાવેશી વિકાસ પ્રત્યે ભારતના સમર્પણને દર્શાવતા, સહકાર તેમજ માહિતીના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાનો છે.

ભારત કૃત્રિમ બુદ્ધિમત્તા વૈશ્વિક સહયોગના અધ્યક્ષ તરીકે કામ કરશે. જે અંતર્ગત સુરક્ષિત, સંરક્ષિત અને વિશ્વાસપાત્ર AI માટે GPAI ની પ્રતિબદ્ધતાને આગળ ધપાવવા માટે સભ્ય દેશો તેમજ નિષ્ણાતો માટે યજમાની પણ કરશે.

આ સંમેલન કમ્પ્યૂટર ક્ષમતા, આધારભૂત મૉડલ, ડેટાસેટ, એપ્લિકેશન વિકાસ, ભવિષ્યના કૌશલ, સ્ટાર્ટઅપ રોકાણ અને સુરક્ષિત AI જેવા અનેક ક્ષેત્રોમાં AIના વિકાસ મુદ્દે ધ્યાન કેન્દ્રિત કરશે.

RNU અમદાવાદ

----------------------------------------------------------------

## હાથરસ મૃત્યુ

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લાના એક ગામમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન નાસભાગ થતા 27 લોકોના મૃત્યુ તેમજ અન્ય કેટલાકને ઈજા થવા પામી છે. પોલીસના જણાવ્યા અનુસાર પુલરાઈ ગામમાં ધાર્મિક સત્સંગ દરમિયાન ઘટના બની હતી. સત્સંગમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યાં હતા. એટાના મુખ્ય તબીબી અધિકારીના જણાવ્યા અનુસાર મૃતકોમાં 25 મહિલાઓ અને બે પુરુષ સામેલ છે. કેટલાક ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવાજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સાથે જ ઘટનાના કારણોની તપાસ માટેનો આદેશો આપ્યા હતા.

RNU અમદાવાદ

----------------------------------------------------------------

## નીટ એક્ઝામ

નીટ પરીક્ષા ગેરરીતિ સંદર્ભે પંચમહાલના ગોધરામાં સતત આઠમા દિવસે તપાસ યથાવત રહી છે. સીબીઆઈએ ગોધરાની જય જલારામ શાળાના સંચાલક દિક્ષિત પટેલ અને અન્ય 4 આરોપીઓને સાથે

રાખીને પૂછપરછ કરી નિવેદન લીધા હતા. દરમિયાન  ગુજરાત અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓને નોટીસ આપી બોલાવીને પૂછપરછ કરી હતી.

ઉલ્લેખનીય છે કે પાંચ આરોપીઓમાં ગોધરા નીટ પરીક્ષાના કેન્દ્ર ખાતે ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ તરીકે તુષાર ભટ્ટ ફરજ બજાવતા હતા. આ કેન્દ્રમાં નીટની પરીક્ષા દરમિયાન ચોરી કરાવવા વચેટિયાની ભૂમિકા ભજવનાર આરીફ નુર મોહમ્મદ વોરા અને આનંદ વિભેશ્વર પ્રસાદ, ગોધરાના નીટ પરીક્ષાના કેન્દ્ર ખાતે સીટી કો-ઓર્ડીનેટર તરીકે પુરુષોત્તમ શર્માની જવાબદારી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ

ટી20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ આજે બારબાડોસથી દેશ પરત ફરી રહી છે. બારબાડોસમાં ચક્રવાતની સ્થિતને કારણે હવાઈ સેવાઓ સહિતની સેવાઓ અવરોધાતા, ભારતીય ટીમ પરત ફરવામાં વિલંબ થયો છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## કચ્છ હવામાન

સાયકલોનિક સર્ક્યુલેશનની અસર હેઠળ કચ્છમાં હજુ બે દિવસ મધ્યમથી ભારે, તો સપ્તાહ સુધી વરસાદી માહોલ જળવાયેલો રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગઇકાલે જિલ્લામાં આખો દિવસ કાળા ડિબાંગ વાદળો તો છવાયેલાં રહ્યાં પણ ત્રણ તાલુકામાં છૂટાછવાયા ઝાપટાં રૂપે વરસાદે પોતાની હાજરી પુરાવી હતી. જિલ્લા કન્ટ્રોલ રૂમમાં સત્તાવાર રીતે અંજારમાં 13 અને રાપર-ભચાઉમાં 5-5 મિ.મી. વરસાદ નોંધાયો હતો.

**N.P. કૃપાલી મહીચ્છા**

------------------------------------------------------------------------

## પેપરલેસ સેવા કેન્દ્રનો પ્રારંભ

ગાંધીધામ તાલુકા કોર્ટ ખાતે પેપરલેસ ઈ-સેવા કેન્દ્રનો આરંભ કરવામાં આવ્યો હતો. કોર્ટ પરિસરમાં અરજદારો માટે પેપરલેસ ઈ-સેવા કેન્દ્રનું ન્યાયાધીશ બી. જી. ગોલાણીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ન્યાયાધીશે ઈ-સેવા કેન્દ્ર અંગે વિસ્તૃતમાં માહિતી આપી હતી. ગુજરાતની તમામ અદાલતોના તમામ કેસનું સ્ટેટસ, તારીખ, આગામી સ્થિતિ અને કોર્ટ ફી માટેના ઈ-સ્ટેમ્પ પેપરની ખરીદી માટેની પ્રક્રિયા, તકનિકી માર્ગદર્શન, રજા ઉપરના ન્યાયાધીશ અંગેની પૂછપરછ, કાનૂની સેવા સમિતિ તરફથી મફત કાનૂની સહાય કઈ રીતે મેળવી શકાય, અદાલતોના કોઝ લિસ્ટ અને કેશ સુનવણી ઉપર લેવામાં આવ્યા છે કે

નહીં તે સહિતની વિગતો માટે આ કેન્દ્ર વકીલો અને નાગરિકોને લાભ લેવા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

**N.P. કૃપાલી મહીચ્છા**

---

## પૂર્વ કચ્છ પોલીસ વાહન

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા સાયરન, ફ્લીપિંગ લાઇટ, સાઉન્ડ સિસ્ટમ સાથેના 43 વાહન જુદા જુદા પોલીસ મથકોમાં ફાળવવામાં આવ્યાં છે. સરહદી રેન્જના આઇ.જી.પી. ચિરાગ કોરડિયાએ આ નવા દ્વિચક્રીય વાહનોને લીલીઝંડી બતાવીને વાહનોને પ્રસ્થાન કરાવ્યું હતું.

**N.P. કૃપાલી મહીચ્છા**

---